# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા.**
2. **અમદાવાદ વિમાન દુર્ઘટનાને આજે એક વર્ષ પૂરું થયું.**
3. **પોરબંદરમાં આવતીકાલથી બે દિવસીય 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ' નું આયોજન કરવામાં આવ્યું.**
4. **પોરબંદરમાં વિશ્વની સૌથી મોંઘી કેરીનું એક ફળ 1 હજાર 700 રૂપિયામાં વેચાયુ.**
5. **અમદાવાદમાં 'ફર્સ્ટ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધા 2026' નો આજથી પ્રારંભ થશે.**
6. **આગામી સાત દિવસ સુધી દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદની આગાહી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

## RAJYSABHA – CANDIDATE

રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેર કરેલી આ ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 8 જૂન હતી જેમાં માત્ર ભાજપના ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

ભાજપના ચારેય ઉમેદવારો જીતેન્દ્ર કણઝરીયા , રાજેશ શુક્લ, માનસિંહ પરમાર અને મુકેશ રાઠવા બિન હરીફ વિજેતા બન્યા હતા. બિન હરીફ વિજેતા થયેલા મુકેશ રાઠવાએ આ મુજબ પ્રતિક્રિયા આપી.

**BYTE - MUKESH RATHWA**

વિજેતા થયેલા ચારેય ઉમેદવારો રાજ્યસભામાં રામ મોકરિયા , નરહરિ અમીન, રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું સ્થાન લેશે.

..............................

# AHMEDABAD PLANE CRASH - ONE YEAR

અમદાવાદ વિમાન દુર્ઘટનાને આજે એક વર્ષ પૂરું થયું છે. વર્ષ **2025** માં અમદાવાદથી લંડન જઈ રહેલ એર ઇન્ડિયાનું વિમાન એરપોર્ટ નજીક જ બપોરના સમયે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં વિમાનમાં સવાર **241** મુસાફરો અને અન્ય **19** લોકો મૃત્યુ પામ્યા હતાં .

રાજ્ય પોલીસ વડા જી એસ મલિકે તત્કાલીન સ્થિતિ અંગે વાત કરતાં આમ જણાવ્યું હતું.

**BYTE G S MALIK**

સિવિલ હોસ્પિટલ નજીક થયેલ આ દુર્ઘટનાને યાદ કરતાં ,સિવિલ હોસ્પીટલના સુપ્રીડેન્ટ રાકેશ જોશીએ આ મુજબ જણાવ્યુ હતું.

**BYTE RAKESH JOSHI**

**...............................**

# PORBANDAR FURNITURE SUMMITE

પોરબંદરમાં આવતીકાલથી બે દિવસીય 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં હિતધારકો સાથે સંવાદ યોજાશે.

આ સમિટ દરમિયાન પોરબંદરમાં સૂચિત મેગા ફર્નિચર પાર્કની સ્થાપના , વિકાસની સંભાવનાઓ , રોકાણની તકો તથા ભવિષ્યની વ્યૂહાત્મક દિશા અંગે ઉદ્યોગજગત સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. પોરબંદરમાં ઔદ્યોગિક વિકાસ અને આવનાર સમયમાં ઔદ્યોગિક રૂપરેખાના વિસ્તરણ માટે આ સમિટ એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે.

દેશના વિવિધ રાજ્યોના 50થી વધુ ફર્નિચર ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ પોરબંદ આ સમિટમાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ અગાઉ , ડૉ.મનસુખ માંડવિયા આવતીકાલે સવારે જી.એમ.ઈ.આર.એસ. કોલેજ, ખાતે વિકસિત ભારત યુવા કનેક્ટ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યારબાદ સવારે કલેક્ટર કચેરી ખાતે આયોજિત 'દિશા' **(DISHA)** બેઠકમાં અધ્યક્ષતા કરશે.

..............................

## VADHVAN CITY BIRD ATLAS

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતેથી વન અને પર્યાવરણ મંત્રી અર્જુભાઈ મોઢવાડિયાએ સૌરાષ્ટ્રના પ્રથમ અને રાજ્યના બીજા 'વઢવાણ સિટી બર્ડ એટલાસ પ્રોગ્રામ'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત પક્ષીઓની ગણતરી, તેમનો વસવાટ, પક્ષીઓનું સ્થળાંતર અને તેનું સચોટ વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

આ પ્રસંગે 'જામનગર બર્ડ એટલાસ'ની જાહેરાત કરવામાં આવી હતી , તેમજ અ ચેકલિસ્ટ ઓફ બર્ડ્સ ઇન વઢવાણ સિટી નામની માહિતીસભર પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

..............................

## DAHEZ SEZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા 12 વર્ષમાં ભારતના અર્થતંત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનના પ્રતિબિંબરૂપે ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત વિશેષ આર્થિક ઝોન -SEZએ પણ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. દહેજ SEZ દેશના અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્રોમાં સ્થાન મેળવી રહ્યું છે.

દહેજ SEZ ના વિકાસ કમિશનર અનુપમ કુમારે જણાવ્યું કે, દહેજ SEZ કાર્બનિક અને અકાર્બનિક રસાયણો , દવાઓ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ માલ તેમજ પ્લાસ્ટિક ઉત્પાદનોની નિકાસમાં ચોથું સ્થાન ધરાવે છે.

**BYTE - ANUPAM KUMAR DEVELOPMENT COMMISSIONER**

..............................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## GOVERNMENT 12 YEAR

12 વર્ષ વિકાસના , વિશ્વાસના અને જનકલ્યાણના કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં અનેકવિધ કાર્યક્રમો યોજાય રહ્યા છે.

જે અંતર્ગત જામનગર શહેરમાં 14 જૂન સુધી પ્રગતિ પથનુ આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાના ભાગ રૂપે રાજ્યના શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગરમાં દિગજામ સર્કલ પાસે આવેલ શાળાની મુલાકાત લઈ બાળકો સાથે સંવાદ સાધ્યો હતો.

**BITE - RIVABA JADEJA**

રાજકોટ જિલ્લામાં 14 જૂન સુધી 'સ્વચ્છતા અભિયાન સપ્તાહ 'નું આયોજન કરવામાં આવ્યું છે.. જે અંતર્ગત જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જળાશયો અને નદી-નાળાઓની સફાઈ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. કસ્તુરબાધામ (ત્રંબા) ગામે જળાશયો અને તળાવોની સફાઈ કરવામાં આવી હતી.

પાટણ જિલ્લામાં આજથી 20 જૂન સુધી સવારે 9 વાગ્યે જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. પાટણ જિલ્લાના 9 તાલુકા તેમજ પાટણ , સિદ્ધપુર, રાધનપુર, હારીજ અને ચાણસ્મા નગરપાલિકા વિસ્તારોમાં પણ વિવિધ સ્થળોએ જન કલ્યાણ શિબિરો યોજાશે.

બનાસકાંઠા જિલ્લામાં પણ આજથી 20 જૂન સુધી જન ભાગીદારી અભિયાન અંતર્ગત જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવાંમાં આવ્યું છે. વિવિધ સ્થળોએ યોજાનારી આ શિબિરોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાશે.

..............................

## PORBANDAR –KERI

ગુજરાતમાં સૌપ્રથમ વખત પોરબંદરમાં વિશ્વની સૌથી મોંઘી ‘મિયાઝાકી’ અને અફઘાનિસ્તાનની ‘નૂરજહાં’ કેરીની આવક થઇ છે. જેનું એક ફળ 1700 રૂપિયામાં વેચાયુ હતું.

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ગામના પ્રગતિશીલ ખેડૂત વરજાગ વાજાએ ગાય આધારિત પ્રાકૃતિક પદ્ધતિથી વિશ્વની બે સૌથી મોંઘી અને દુર્લભ કેરી- જાપાનની પ્રખ્યાત ‘મિયાઝાકી કેરી’ અને અફઘાનિસ્તાનની ‘નૂરજહાં કેરીની જાતોનું સફળ ઉત્પાદન કર્યું છે.માર્કેટ યાર્ડમાં તેઓ મિયાઝાકીના ત્રણ નંગ અને નૂરજહાંના બે વિશાળ ફળો લાવ્યા હતા.

ભારતમાં કેરીની અંદાજે બે હજાર જેટલી વિવિધ જાતો ઉપલબ્ધ હોવા છતાં, મોંઘીદાટ કેરીઓ ઉગાડવાનો આ પ્રયોગ સમગ્ર રાજયના કૃષિ જગત માટે એક માર્ગદર્શક પ્રયોગ સાબિત થયો છે.

..............................

**BANAS BANK**

દાંતીવાડા ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બનાસ બેંકની 67મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ.

શ્રી ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું કે , શ્રેષ્ઠ વહીવટ અને ટેકનોલોજીના ઉપયોગથી બનાસ બેંકનું ટર્નઓવર 7 હજાર કરોડે પહોંચ્યું છે. બનાસ બેંકના ચેરમેન ડાહ્યાભાઈ પીલીયાત રે જણાવ્યું કે , બનાસ બેંકે નાણાકીય વર્ષ 2025-26માં 25 કરોડનો ચોખ્ખો નફો કર્યો છે .

**BYTE - DAHYABHAI PILIYATTAR, CHAIRMAN**

..............................

# TABLE TENNIS TOURNAMENT

અમદાવાદમાં 'ફર્સ્ટ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધા 2026' યોજાશે. આજથી 15 જૂન સુધી નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાનારી આ સ્પર્ધામાં 844 એન્ટ્રી નોંધાઈ છે.

ચાર દિવસીય આ સ્પર્ધામાં કુલ 2 લાખ 90 હજાર રૂપિયાની ઈનામી રકમ રાખવામાં આવી છે. સ્પર્ધામાં સિનિયર વિભાગમાં - મદલાની , જયનીલ મહેતા, ધૈર્ય ઔશિકી, ફિલઝા કાદરી , અભિલાષ રાવલ જ્યારે જુનિયર વિભાગમાં રીયા જયસ્વાલ, પ્રથાપવાર, જન્મેજય પટેલ,ધ્યેય જાની, જેવા ખેલાડીઓ ભાગ લેશે . આ વર્ષની સ્પર્ધાનું એક મુખ્ય આકર્ષણ 9 વર્ષથી ઓછી વયજૂથ શ્રેણી છે. જેમાં બોયઝ – ગર્લ્સ બંને વિભાગમાં 30 એન્ટ્રીઓ મળી છે.

..............................

# WEATHER

આગામી સાત દિવસ સુધી દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદની આગાહી છે. બીજી તરફ અમદાવાદ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં હજુ પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. આજથી આગામી બે દિવસ સુરત , નવસારી, વલસાડ, ડાંગ, દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

સાથે જ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યું છે કે ચોમાસું મહારાષ્ટ્રથી લઈને બિહાર સુધીના વિસ્તારોમાં આગળ વધી ચૂક્યું છે અને આગામી દિવસોમાં ગુજરાતમાં પણ તેની ગતિ વધુ તેજ બનવાની શક્યતા છે.

જોકે વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં મહત્તમ તાપમાન **42** ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ **42.8** ડિગ્રી સેલ્સિયસ તાપમાન આમદવાદમાં નોંધાયું હતું.

................................